નવીન કીશનચંદ્ર ભોઈયા,
www.maheshpanthi.net
પ્લોટ નં.૧૦૧, સેકટર નં.૭, ગાંધીધામ (કચ્છ)
મો.નં..૯૯૧૩૪ ૯૨૯૪૫

## પૂ.મામાઈદેવ જ્ઞાન કથન અનુસાર "દર્શોધ" થકી મહેશ્વરી મેઘવાર સમાજમાં ધાર્મિક અને સામાજીક નવચેતના

કચ્છની અનુસૂચિત જાતીઓના ચાર વાડા પૈકી મહેશ્વરી મેઘવાળ જાતી સૌથી વધારે જનસંખ્યા ધરાવે છે, જન સંખ્યાની સાથે સાથે મહેશ્વરી મેઘવાળો પાસે પોતાનું સ્વતંત્ર ધર્મ પણ છે. જેના સ્થાપક પ.પૂ.ધણીમાતંગ દેવ હતાં, જેઓ ૯ થી ૧૦ શતાબ્દી પૂર્વ કચ્છ, હાલાર સિંધની ભૂમિ પર ધર્મવિહિન સમાજને ધર્મ અને કર્મનો સહીયારો ધર્મોપદેશ આપ્યો. પાલીતાણા સ્થિત કાકંભા ડુંગર ઉપર સમસ્ત પછાત જાતિઓના લોકોને ભેગા કરી નરવેદ યજ્ઞથી "બારમતિ પંથ"ની સ્થાપના કરી. મહાપંડિત મામઈ દેવ જ્ઞાન કંથન અનુસાર કાકંભા ડુંગર ઉપર ૯ કુડી લોકો એકત્ર થયા હતા જે પૈકી ફકત ૩ કુડી લોકોએ પૂજ્ય ધણીમાતંગ દેવ સ્થાપિત **"બારમતિ પંથ"** ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખી ધર્મ અંગીકાર કર્યો, જયારે ૬ કુડી લોકો **"નરવેદ યજ્ઞ"** ની કોરી ફેંકી દીધી. અનેક શતાબ્દીઓથી તમામ ઉતાર ચડાવ સહન કરતાં કરતા, મહેશ્વરી સમાજ આજે એક આગવું અસ્તિત્વ ધરાવે છે.

> **વેદઃ નરવેદ જંગ માતંગદેવ કીધો, જુગ ચોથે કરકાર,**
> **ત્રેકુડી જા કંગણ કાકંભે તે ભર્યા, સે જીવ થેયા તેજ નરવાણ,**
> **છ કુડી આખડીઉં, મામાઈ ભણે, સે ન વઠીઉં બારમતિ ગાંથ.**

આજની પરિસ્થિતિ જોતાં એકેય કાળે મહેશ્વરી સમાજ પાસે ન જમીન હતી, ન ધન હતો અને ન તો શિક્ષણ હતી, ફકત ધર્મની હુંફ હતી. ઘણા પ્રસંગે પૂ.મામઈદેવે ધર્મોપદેશ આપતા કહ્યું છે કે, માયસરીયાઓ ધર્મ ઉપર વિશ્વાસ રાખો, એક દિવસ તમારો પણ વારો આવશે.

> **વેદઃ સીંભરીયા સભર કેજા, ગોલા ખેંધા થે, પાથારીયે ઉ પુછાબા,**
> **મામઈદેવ ભણે, જેંજો માં ન કો પે.**
>
> **સર સમરણ ખમેયા ખમત, જેણાં વસે જન, જેકી જંપીધા આડ મેં,**
> **મામઈ ભણે માયસરીયા, તેની કે તપ ન અચિંધો તન.**

દેવ કંથન સાચું પડતાં, પછાત સમાજમાં "કાન્તીબા જોતીરાવ ફુલે" અને મહામાનવ ડો.આંબેડકર જેવા વિદ્વાન અને સંઘર્ષશીલ વ્યકિતઓએ ભુખ્યા-દુખ્યા સમાજને સામાજીક, આર્થિક અને શૈક્ષણિક કાન્તી અપાવી જે સત્ય આજે આપણી સમક્ષ છે.

મહાપુરૂષોના સંઘર્ષ અને પૂ.ધણીમાતંગ દેવના આશિષથી આજે મોટા ભાગે પછાત સમાજ દુનિયાની દોડમાં સામેલ થઈ શકયો છે, જેમાં ભારતના દરેક વિસ્તારોમાં વસતા મહેશ્વરી મેઘવાળ સમાજ પણ ભારત નિર્માણમાં પોતાનો યોગદાન આપવા કાબેલ થઈ છે. આ દોડમાં ધર્મચુસ્તતા કંઈકઅંશે ઓછી થઈ જણાય છે, પણ ચમત્કારીક રીતે વર્તમાન વર્ષમાં ધર્મપરાયણતા તથા ધર્મની લાગણી "બારમતિ પંથ" પૂજક મહેશ્વરી મેઘવાળ સમાજનાં યુવકોમાં વધુ દેખાય છે. "બારમતિ પંથ" નાં પવિત્ર માઘસ્નાન વ્રત મહોત્સવમાં આ વર્ષે ઠેર ઠેર બહોળી સંખ્યામાં યુવાનો જોડાયા છે. મુંબઈ, રાજકોટ, અમદાવાદ, જામનગર, કરાંચી (પાકિસ્તાન) જેવા મોટા શહેરોમાં પણ ભણેલા-ગણેલા યુવાનોએ મોટી સંખ્યામાં કઠીન માઘસ્નાન વ્રત સાચા હૃદયથી પાળ્યું છે. જેથી કહી શકાય છે કે, પૂ.ધણીમાતંગ દેવ સ્થાપિત "બારમતિ પંથ" ઉપર મેઘવાળો સાચી શ્રધ્ધા અને વિશ્વાસ રાખે છે.

વર્તમાન સમયમાં મહેશ્વરી મેઘવાળ સમાજનાં યુવાનોએ પોતાની મર્યાહિત રૂએ ઘણા નાના નાના સંગઠનો અને ગ્રૂપો બનાવ્યા છે, આ બધા સંગઠનોનું પ્રથમદર્શિય ઉદેશ્ય સમાજ માટે કઈ કરી છુટવાની ઝંખના છે. આજનાં ઈન્ટરનેટના યુગમાં મહેશ્વરી મેઘવાળ યુવાનો પણ જોડાયા છે અને લગભગ દરેક ભણેલા યુવકો પાસે પોતાની ઈ-મેઈલ આઈ.ડી. છે, સોશ્યલ નેટવર્કીંગ વેબસાઈટો ઓરકુટ, ફેસબુક કે ટિવટરમાં પણ જનસંપર્ક કરે છે. આ બધી વેબસાઈટો પર મુખ્ય અંશે ધાર્મિક વિચારોની આપ-લે

વધારે થાય છે. આથી એ કહી શકાય કે સમાજમાં ધાર્મિક જાગૃતિ દિવસો દિવસ ખુબ વધતી જાય છે.

હાલની ઉપરની પરિસ્થિતિ જોતાં મહેશ્વરી મેઘવાળ સમાજમાં સામાજીક ધ્રુવીકરણ થવું એક અત્યંત આવશ્યક જરૂરીયાત છે, યુવાનો એકજુટ થવા ઝંખે છે પણ એમની પાસે અનુભવ અને રૂપિયાની ઉણપ છે. એવા સમયમાં સમાજનાં આગેવાનો, જ્ઞાતિ પ્રમુખો, ધર્મગુરૂઓ સાથે મળીને એક રાષ્ટ્રીય સ્તરનું સંગઠન બનાવવો અતિઆવશ્યક છે, રાજકીય આગેવાનોએ પણ પોતાની પાર્ટી કરતા સમાજને અગ્રિમતા આપવી પડશે.

જે ધર્મની બુનિયાદ ત્યાગ અને બલીદાન ના પાયા પર રચાણી હોય, જે ધર્મમા ધર્મ અને કર્મનો સિધ્ધાંત હોય, જે ધર્મમાં **પૂ.મામઈ દેવ** જેવા ત્રિકાળ જ્ઞાની અવતારી દેવ હોય, એ ધર્મ સર્વવ્યાપક હોવો જોઇએ. કચ્છનો ઈતિહાસ સાક્ષી છે કે, પૂ.માતંગ દેવ તથા તેમના વંશજો જાડેજા મહારાઓના પણ ધર્મગુરૂ હતાં, ધર્મ સોપારી ને રાજ્યાભિષેક કરાવવાનો અધિકાર માતંગપુત્રો પાસે હતો. સંપૂર્ણ ભારતમાં રાજતિલક કરાવવાનો અધિકાર બ્રાહ્મણો પાસે હતું, પણ કચ્છ કદાચ ભારતનું એક માત્ર સ્થાન છે જયાં રાજતિલક આપવાનો સ્વમાન પૂ.ધણીમાતંગ દેવ વંશજો પાસે કાયમ છે. આજે પણ કચ્છ જાડેજા રાજકુંવરોને રાજતિલક માતંગ પુત્રો જ કરે છે. મહેશ્વરી મેઘવાળ સમાજ માટે આ એક અત્યંત ગૌરવની વાત છે.

આવા ગૌરવશાળી ધર્મ સંસ્થાપકો હોવા છતાં અને પોતાનું સ્વતંત્ર ધર્મ હોવા છતાં મહેશ્વરી મેઘવાળ સમાજ અન્ય ધર્મોની તુલનામાં આત્મનિર્ભરતામાં ઘણી પાછળ છે. મહેશ્વરી મેઘવાળ બંધુઓ ''બારમતિ પંથ'' થકી એકજુટ તો થઇ શકયા પણ સામાજીક ક્ષેત્રે રાજયસ્તરનું કે રાષ્ટ્રીય સ્તરનું એક પણ સંગઠન બનાવી નથી શકયા જેના અનેક કારણો છે. હાલની પ્રગતી જોતાં એવું લાગે છે કે, ભણેલા-ગણેલા લોકો ધારે તો મહેશ્વરી મેઘવાળ સમાજમાં નવચેતના જગાવી શકે છે અને ધર્મના માધ્યમથી લાખો લોકોને સામાજીક ક્ષેત્રે એક છત્ર હેઠળ લાવી શકે છે. ફકત એક ઇમાનદાર પ્રયાસની જરૂર છે. એકલા કચ્છમાં જ મહેશ્વરી મેઘવાળોની વસ્તી આશરે ૨.૫ લાખથી વધુ છે એમાં જો સૌરાષ્ટ્ર, જામનગર, મહારાષ્ટ્રની વસ્તી ગણીએ તો ૩ થી ૪ લાખ જેવી વસ્તી થાય છે. એમાંથી જો સમાજ ઘર દીઠ વાર્ષિક રૂા.૧૦૦/- જેવી નજીવી રકમ આપે તો વર્ષના ૩-કરોડ ૫૦-લાખ રૂપિયા ભેગા થઇ શકે છે. નાણું આવશે તો અનેક લોકોપયોગી કાર્યો કરી શકાશે, પોતાની સ્કુલ, કોલેજ, ગુરૂકુળ, ધાર્મિક રિસર્ચ ઈન્સ્ટીટયુટ, ધંધા રોજગાર માટે લોન વગેરે આત્મનિર્ભરતાથી કરી શકાશે.

વિશ્વના તમામ ધર્મોનું અધ્યયન કરતાં એક વાત ચોકકસ જણાય છે કે, જે પણ ધર્મ આજે સ્વનિર્ભર છે એમાં આવકનું ૧૦મું ભાગ ધર્મપેટે આપવાની જોગવાઇ પ્રબળ છે. વૈદિક ધર્મમાં જેને ''દશમ્મશા'', બુધ્ધ ધર્મનાં ''દશન'', ઇસાઇ ધર્મમાં ''ટિથ'', શિખ્ખ ધર્મમાં ''દસવન્દ'', ઇસ્લામ ધર્મમાં ''ઉશ્ર'' અથવા ''જકાત'' કહેવામાં આવે છે. બેબીલોન સભ્યતામાં તેને ''દેસિમા'' ના નામે સંબોધવામાં આવતું. પ્રાચિન મિશ્ર, સિરીયા, અને ગ્રીસમાં પણ ''ટિથ'' અથવા દશમું ભાગ એક સમાન્ય પ્રથા હતી. ''ટિથ'' કે દશમું ભાગ આપવાનો મુખ્ય હેતુ ધન ઉગારવાનું નહીં પણ ચારિત્ર નિર્માણ હતું, દરેક કાર્યસંપાદન ટાણે સર્વવ્યાપક ઇશ્વરને પોતાનાથી પહેલા મુકવું હતું. મામઈ દેવ વેદ અનુસાર :

**''ધરમ તણી દસોંધ ન રખી, આરોગી અસૂરો અન્ન,**
**અધરમ મેં રેં ઉગામણા, મામઈ ભાણે માયસરીયા,**
**સે જીવ ગરી ગરક થીયંત''**

આ વેદ અનુસાર પૂ.મામઈ દેવે પણ ધર્મ પેટે દસોંધ આપવાની જોગવાઇ કરી ગયા છે.

આ કાન્તીકારી વેદ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, દસોંધ આપવી એ એક મહત્વપૂર્ણ જોગવાઇ છે જેનું પરોક્ષ-અપરોક્ષ ફાયદો સીધો સમાજ ને જ થાય છે. દસોંધ ના ભંડોળથી પગભર થઇ શકાય છે અને બીજાને મદદરૂપ પણ થઇ શકાય છે. આટલી ઉચ્ચ કોટીની ધાર્મિક જોગવાઇ હોવા છતાં પણ આપણે સામાન્ય જરૂરીયાતો માટે બીજાઓ પાસે હાથ લંબાવીએ છીએ. કલ્પના કરીએ કે વર્ષમાં માત્ર ૧૦૦/- રૂપિયા વ્યકિત દીઠ આપવાથી એક મોટું ભંડોળ એકત્રીત થઇ શકે છે જે થકી મહેશ્વરી મેઘવાળ સમાજ પોતાના સ્વખર્ચે અનેક ભવનો, સ્કુલો અને કોલેજો બનાવી શકે છે, રોજગારીના નવા રસ્તા ખુલ્લા કરી શકે છે અને રાષ્ટ્રીય ફલક પર પોતાનું અસ્તીત્વ તેજસ્વી બનાવી શકે છે. આ બધું શકય છે પણ ઇમાનદાર લોકોએ આગળ આવી

સમાજનું આ બીડું ઉપાડવું પડશે જેથી ધર્મમાં, સમાજમાં અને વ્યકિતચારીત્રયમાં નવચેતના જાગી શકે.

ઈસ્માઈલી ખોજા ધર્મમાં પણ દસોંધ આપવી એક ફરજીયાત પ્રથા છે, આવકનું ૧૦મું ભાગ ઈસ્માઈલી ઈમામને આપવું એ સર્વોપરિ પૂણય માનવામાં આવે છે જેથી જ ઈમામશાહ ગરીબ અને દુઃખી લોકોની હંમેશથી મદદ કરતા આવ્યા છે, ''બારમતિ પંથ'' માં જો દસોંધ ફરજીયાત કરાય તો લાલણપીર, અધ પીર, પા પીરો ને પણ દસોંધ ના ભંડોળથી દર વર્ષે એક માતબર રકમ આપી શકાય જેશી તેઓ પણ સ્વનિર્ભર થઈ સ્વાભિમાન થી પોતાનું ગુજરાન ચલાવી શકે અને એક ધર્મગુરૂને શોભે એવો ઠાઠમાઠ જાળવી શકે.

**વેદ :**
**સંખ અસંખ વજે, કિંક પેંઢજો વર્તમાન કીજે,**
**રામ મેરામણ પોર પોર ધરયા, મામઈ ભણે માયસરીયા,**
**સુફર નમણું સોરે જીવે કે સુજે**

આ વેદ અનુસાર પૂ.મામઈ દેવ ધર્મબાંધવોને હાકલ કરે છે કે વર્તમાન સમય ગુજબ વર્તવું ઈચ્છીનીય છે, માટે બધા સુરા જીવ બની પ્રગતિશીલ કાર્ય કરવા જોઈએ.

માઘ માસ ૨૦૧૦ ની પૂર્ણાહુતી પર પૂજ્ય ધણી માતંગ દેવ બધા જ્ઞાતી બાંધવોને એક સૂત્રમાં બાંધે અને બધા વ્યકિતગત વાદ-વિવાદ ભુલીને આ ક્રાન્તીકારી કાર્યમાં જોડાય એ જ અભિલાષા છે.

// જય ધણીમાતંગ દેવ //

---

**આ લેખ આજકાલ છાપા મા 01.02.2010 ના દિવસે પણ છપાણૂ છે.**

---